SHRI M.P.SHAH MUNICIPAL COMMERCE COLLEGE-JAMNAGAR

M.COM.P.G.CENTRE (SELF FINANCE)

**College Website:** www.mpsccjam.org

# M.COM. SEM-1માં પ્રવેશાર્થીઓ માટેની માહિતી

## ઓનલાઇન એડમિશન પ્રક્રિયાની વિગતવાર માહિતી

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ની પ્રવેશ ઓનલાઇન એડમિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

૧.પ્રથમ તબક્કો: (ફોર્મ ભરવું)

- એડમીશન ફોર્મ ભરતા પહેલા ઓનલાઈન એડમિશન પ્રક્રિયાની માહિતી ચોકસાઇ પૂર્વક વાંચવી.
- ફોર્મ ભરતી વખતે માગેલ માહિતી સાચી અને ચોક્કસ ભરાય તેની ખાસ કાળજી રાખવી.
- ફોર્મ માં upload કરવાનો થતો પ્રવેશાર્થીનો ફોટો, યુનિવર્સીટી દ્વારા આપવામાં આવતી માર્કશીટમાં આવતો હોય, white background વાળો યોગ્ય સાઈઝ (Max 50 kb) નો ફોટો હોવો જરૂરી છે.

2. બીજો તબક્કો: (એડમીશન ફી ભરવી)

- જે પ્રવેશાર્થી નું મેરિટલિસ્ટમાં નામ આવે તેમણે પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ નિયમો મુજબ જરુરી ડોક્યુમેંટ્ સ્વપ્રમાણિત કરીને ક્રમ પ્રમાણે ગોઠવીને (બે નકલમાં) કોલેજમાં ચકાસણી ના હેતુ થી જમા કરાવવાના રહેશે

3.ત્રીજો તબક્કો: (ડોક્યુમેન્ટ વેરીફીકેશન)

- નિયત સમય મર્યાદામાં જ ઓનલાઇન એમ. કોમ. સેમેસ્ટર-1ની ફી ભરવાની રહેશે.સમય મર્યાદા વીતી ગયા બાદ કોઈપણ સંજોગોમાં ઓનલાઈન એમ. કોમ. સેમેસ્ટર-1 ફી ભરી શકાશે નહી

SHRI M.P.SHAH MUNICIPAL COMMERCE COLLEGE-JAMNAGAR

M.COM.P.G.CENTRE (SELF FINANCE)

**College Website:** www.mpsccjam.org

# અગત્યનું સમય પત્રક (Important Dates)

| | STARTING DATE | ENDING DATE |
|---|---|---|
| ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ | 01-06-2022 | 20-06-2022 |

**ખાસ નોંધ:**

- ઓનલાઈન ફોર્મ 20-06-2022 પછી કોઈપણ સંજોગોમાં ભરી શકાશે નહિ.
- અનિવાર્ય સંજોગોમાં જ તારીખમાં ફેરફાર કરવામાં આવશે. આથી કોલેજની વેબસાઇટ હંમેશા નિયમીત જોવાનું રાખશો.

## પ્રવેશના નિયમો

- અનામત જૂથોની પ્રવેશ અંગેની ટકાવારીનું ધોરણ સરકારશ્રી નાપ્રવર્તમાન નિયમો મુજબ આ પ્રમાણે છે.

| અનામતજૂથ | અનામતપ્રવેશઅંગેનીટકાવારી |
|---|---|
| SC | 7% |
| ST | 15% |
| SEBC | 27% |
| Economically Weaker Section(EWS) | 10% |
| Other University | 10% |

- અનામતના તમામ નિયમો મેરીટ યાદીના પ્રસિધ્ધ થવાના દિવસે અમલમાં હશે તેજ લાગુ પડશે.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટિ સિવાયના અન્ય યુનિવર્સિટી પ્રવેશાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે.

**Contact College Help Line Number: - Dr. L.R.CHAUHAN +91 94281 54041**
**Mr. K.R.TRIVEDI +91 96011 81253**
**Mrs. KHUSHBU VARIA +918160313547**

SHRI M.P.SHAH MUNICIPAL COMMERCE COLLEGE-JAMNAGAR

M.COM.P.G.CENTRE (SELF FINANCE)

**College Website:** www.mpsccjam.org

# પ્રવેશાર્થીઓ માટેની સુચના:

1) અરજદારે અરજીપત્રક ઓનલાઇન ભરવાનું રહેશે.
2) વર્ષ 2022-23 માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચવી. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા,પ્રવેશ સમય પત્રકમાં દર્શાવેલ તારીખો મુજબ જ કરવામાં આવશે.
3) મેરિટ યાદી,કૉલેજ વેબસાઇટ પર મૂકવામાં આવશે.પ્રવેશ માત્ર મેરિટ આધારિત જ રહેશે.
4) મેરીટ યાદી પ્રમાણે પસંદગી પામતા વિદ્યાર્થિએ અરજીપત્રક અને સૂચનાઓના પેજની પ્રિન્ટ લેવાની રહેશે. વિદ્યાર્થી અને વાલીએ અરજીપત્રક અને સૂચનાઓના પેજ પર સહી કરવાની રહેશે. એડમિશન શેડ્યુલ 2022-23 માં જણાવ્યા મુજબની તારીખ અને સમયે વિદ્યાર્થિએ સહી કરેલ અરજીપત્રક અને સૂચનાઓના પેજ, જરૂરી અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી માટે પ્રવેશ સમિતિ સમક્ષરજૂ કરવાના રહેશે ત્યારબાદજ પ્રવેશ માન્ય ગણાશે.
5) અરજીપત્રક સાથે નીચે જણાવેલ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલ જોડવાની રહેશે.
   a) $12^{th}$માર્કશીટ ની નકલ (બધી).
   b) B.COM SEM 1 TO 6 માર્કશીટ ની નકલ.
   c) ધોરણ – 12 નું શાળા છોડ્યા અંગે નુ પ્રમાણપત્ર (LC) ની નકલ.
   d) આધારકાર્ડનીનકલ,
   e) અનામત કેટેગરી અથવા અન્ય કોઈ પણ કેટેગરીનો લાભ લીધેલા વિદ્યાર્થિએ જે તે કેટેગરીના પ્રમાણપત્રોની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.

f) SEBC કેટેગરીના ઉમેદવારોએ 2022-23 માટે માન્ય હોય તેવું ગુજરાત સરકારના સત્તાધારી સત્તા દ્વારા આપવામાં આવેલ નોનક્રિમીલેયર સર્ટીફિકેટ (NCL) રજૂ કરવાનુ રહશે.

g) શારીરિક અસક્ત વ્યક્તિ માટે સિવિલ સર્જન અથવા સમકક્ષ અધિકારીએ ફાળવેલ શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર.

h) સૌરાષ્ટ્ર યુનિવર્સિટિ સિવાયના અન્ય યુનિવર્સિટિના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટિમાથી Provisional Eligibility Certificate (PEC) કઢાવવાનું રહેશે. અરજીપત્રક ભરતી વખતે PEC નંબર નાખવો ફરજિયાત છે.

Note: ઉમેદવાર ફક્ત તે જ સ્વ-પ્રમાણિત નકલો જોડશે જે અરજી ફોર્મ સાથે જોડાવા માટે જરૂરી છે.

6) સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન પ્રવેશાર્થી દ્વારા કોઈ પણ પ્રકારની માહિતી ખોટી આપવામાં આવેલ હશે તો તે અરજી રદ તાત્કાલિક રદ કરવામાં આવશે.

7) પ્રવેશ ફોર્મ તથા પ્રવેશ ફી ઉપર જણાવ્યા મુજબ સરકારશ્રીની સૂચના પ્રમાણે માત્ર ઓનલાઇન જ ભરવાના રહેશે. તેથી પ્રવેશ ફોર્મ કે પ્રવેશ ફી ઓફલાઇન ભરવા માટે કોલેજ કાર્યાલયમાં આવવું નહી.

8) એડમિશન ફીએક વખત ભરાઈ ગયા બાદ પરત આપવામાં આવશે નહીં.

9) એડમિશન શેડ્યુલમાં જણાવ્યા મુજબ,જો નિયત સમયમાં વિદ્યાર્થી ફી ભરવામાં અને/અથવા ડૉક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયામાં નિષ્ફળ જશે તો તેનો પ્રવેશ પરનો હક રદ કરવામાં આવશે અને તેની પછીના વિદ્યાર્થીને પ્રવેશનો લાભ આપવામાં આવશે.

10)વિદ્યાર્થીએ વર્ગોનિયમિત ભરવાના રહેશે. સરકારશ્રી તરફથી મળતી વખતોવખતની તમામ સૂચનાઓનું તથા કોલેજના નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે. જો વિદ્યાર્થી દ્વારા આ નિયમોનું પાલન કરવામાં નહી આવે તો તેનો પ્રવેશ રદ કરવાને પાત્ર થશે.

11)કોલેજના સમય દરમ્યાન કોઈ પણ પ્રકારની નોકરી કરવાની રહેશે નહીં.

12)દરેક વિદ્યાર્થી પાસે શિસ્ત અને સુવ્યવહારનો આગ્રહ રાખવામા આવે છે.

- **Online Admission Process**
  (i) Fill up the form and Pay Registration Fee= Rs. 160/-
  (ii) Waiting for Merit list
  (iii) If your name in Merit List, Pay Admission fee
  (iv) Confirmation of admission at college

- **વિદ્યાર્થીએ ડોક્યુમેન્ટ્સ વેરીફિકેશન તથા ફોર્મ જમાકરાવતી વખતે કોલેજ લઈ જવાના પત્રકોની યાદી :**

1) ડાઉનલોડ કરેલ એડમીશન ફોર્મ (નીચે મુજબના પત્રકોની સ્વપ્રમાણિત બે નકલ આપવી )

   (i) 12th માર્કશીટ ની નકલ

   (ii) B.COM SEM 1 TO 6 માર્કશીટ ની નકલ.

   (iii) ધોરણ – 12 નું શાળા છોડ્યા અંગે નુ પ્રમાણપત્ર/ LC ની નકલ

   (iv) આધારકાર્ડ ની નકલ

   (v) અનામત કેટેગરી અથવા અન્ય કોઈ પણ કેટેગરીનો લાભ લીધેલા વિદ્યાર્થીએ જે તે કેટેગરીના પ્રમાણપત્રોની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.

   (vi ) SEBC કેટેગરી ના વિદ્યાર્થીએ 2022-23 માટેમાન્ય હોય તેવું નોનક્રિમીલેયર સર્ટીફિકેટ રજૂ કરવાનુ રહશે. અન્યથા તેમને SEBC કેટેગરીનો લાભ મળી શકશે નહી અને લીધેલો પ્રવેશ રદ થશે.

2) ડાઉનલોડ કરેલ REGISTRATION FEE રીશિપ્ટ.

નોંધ: પ્રવેશ ફોર્મ સાથે જોડેલ તમામ દસ્તાવેજો / માર્કશીટ / પ્રમાણ પત્રોના વેરીફિકેશન માટે પ્રવેશ સમિતિ સમક્ષ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

3) **M.com 1st Semester Fee Rs. 7680/-**

4) **After Paid M.com Semester-1 Fee then Fee Receipt will be Submit within 3 days in college.**